સ્પોર્ટ્સ ફિવર
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત



# નબળી ફિલ્ડિંગ અને ધીમી બેટિંગ : CSK પ્લેઓફમાંથી બહાર થવાનું મુખ્ય કારણ

ટુ ધ પોઈન્ટ

IPLના ઈતિહાસમાં એવું પહેલી વાર બન્યું છે કે જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) સતત બે સિઝનમાં પ્લેઓફ માટે ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહી હોય. આ સિઝનમાં ટીમના પ્રદર્શનમાં ઘણી નબળાઈઓ ખુલ્લી પડી હતી. અત્યાર સુધી રમાયેલી 10 મેચોમાં ચેન્નાઈ ફક્ત બે મેચ જીતી શક્યું છે. ખાસ વાત એ છે કે જે ચેપોકનું હોમ ગ્રાઉન્ડ એક સમયે CSK માટે અભેદ કિલ્લો ગણાતો હતો તે મેદાન પર અત્યાર સુધી રમાયેલી છ મેચમાંથી તેઓ ફક્ત એક જ મેચ જીતી શક્યા છે. અહીં આપણે CSKના ખરાબ પ્રદર્શનનું મુખ્ય કારણ બનેલા મહત્વપૂર્ણ આંકડાઓ પર એક નજર નાખીશું. એ નોંધનીય છે કે આ બધા આંકડા અત્યાર સુધી તેના દ્વારા રમાયેલી 10 મેચો પર આધારિત છે.

કેચ છોડવાની આદત મોંઘી સાબિત થઈ

આ સિઝનમાં CSKની ફિલ્ડિંગ ખૂબ જ નબળી રહી. તેઓએ લગભગ દરેક મેચમાં કેટલાક કેચ છોડ્યા અને તેમનો કેચિંગ ટકાવારી ફક્ત 66.7 ટકા રહી હતી, જે કોઈપણ ટીમની તુલનામાં સૌથી ખરાબ છે. પંજાબ કિંગ્સ (PBKS) સામેની હાર બાદ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ પણ આ ખામી સ્વીકારીને કહ્યું હતું કે વધુ સારી કેચિંગથી ટીમ વિરોધી બેટ્સમેન પર દબાણ લાવી શકી હોત, પણ એવું થઈ ન શક્યું અને પરિણામે ટીમ હાલ IPL પ્લેઓફમાંથી બહાર થઈ ગઈ છે.


**પાવરપ્લેમાં દબાણ હેઠળ બેટિંગ**

આ સિઝનમાં પાવરપ્લેમાં પણ CSKના બેટ્સમેન નિષ્ફળ રહ્યા હતા. તેઓએ પ્રથમ છ ઓવરમાં કુલ 18 વિકેટ ગુમાવી દીધી હતી, જે દિલ્હી કેપિટલ્સ (DC) અને PBKS સાથે સંયુક્ત રીતે સૌથી વધુ વિકેટ હતી. CSKના બેટ્સમેનોએ અત્યાર સુધી પાવરપ્લેમાં 360 બોલમાં ફક્ત 475 રન બનાવ્યા છે, જેનો અર્થ છે કે રન રેટ ફક્ત 7.91 છે , જે કોઈપણ ટીમની તુલનામાં સૌથી ઓછો છે. એક સમયે તેના ઓપનરોની જે ધાક હતી તેવી હવે વર્તાઇ નથી અને ઓપનરોની નિષ્ફળતા ટીમ માટે મોટી મુસીબત સાબિત થઇ છે.

**ઓપનિંગ જોડીએ નિરાશ કર્યા**

CSK માટે ઓપનિંગ બેટિંગ સૌથી મોટી સમસ્યા રહી. સતત ફેરફારો છતાં, આ જગ્યાએ કોઈ સ્થિરતા દેખાઇ નહોતી. ડેવોન કોનવે અને રચિન રવિન્દ્રની ઓપનીંગ જોડીની અજમાયશ કરવામાં તેમણે પોતાના આધારભુત ઓપનર ઋતુરાજ ગાયકવાડને નીચલા ક્રમે ઉતાર્યો અને તેનું ફળ તેમને મળ્યું, તે પછી અત્યાર સુધીમાં, ચાર અલગ અલગ ઓપનરોની તેમણે અજમાયશ કરી અને એ ઓપનરોએ મળીને ફક્ત 199 રન બનાવ્યા છે અને તેમની સરેરાશ 19.90 રહી છે. જે આ સિઝનની સૌથી ખરાબ ઓપનિંગ એવરેજ છે.

**બેટ્સમેનોનો સરેરાશ અને સ્ટ્રાઇક રેટ બંને નબળા**




**IPL 2025 માં CSK એ અત્યાર સુધી પાવરપ્લેમાં સૌથી ખરાબ બેટિંગ કરી છે અને તેમાં તેનો રનરેટ સૌથી ઓછો છે. વળી રવિન્દ્ર જાડેજાને છોડીને કોઈ એવો ફિલ્ડર તેમની પાસે નથી કે જે એકદમ ચુસ્તી-ફુર્તીથી ફિલ્ડિંગ કરતો હોય અને તેમની આ ખામીઓએ તેમને હાલની IPLમાંથી બહાર મૂકી દીધા છે**

CSK એ અત્યાર સુધીમાં 19 અલગ અલગ ખેલાડીઓને અજમાવ્યા છે, પરંતુ ટીમની એકંદર બેટિંગ સરેરાશ ફક્ત 22.18 છે, જે ફક્ત કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) કરતા સારી છે. આ સાથે જ, ટીમનો સરેરાશ સ્ટ્રાઈક રેટ 128.81 છે, જે બધી ટીમોમાં સૌથી ઓછો છે. તેના બેટ્સમેનો સતત સંઘર્ષ કરતાં જણાયા હતા. છેલ્લી બે મેચમાં સેમ કરને ઉમદા પ્રદર્શન કર્યું તો એક મેચમાં આયુષ મહાત્રે અને રવિન્દ્ર જાડેજા ઝળક્યા પણ તેનાથી તેમની સ્થિતિ સુધરી શકી નહીં.

**ચોગ્ગા અને છગ્ગાની બાબતમાં પણ પાછળ**

CSK ટીમ આ સિઝનમાં અત્યાર સુધીમાં ફક્ત 56 છગ્ગા ફટકારી શકી છે, જે અન્ય કોઈપણ ટીમ કરતા ઓછા છે. તેની સામે આ સિઝનમાં PBKS એ અત્યાર સુધી સૌથી વધુ 105 છગ્ગા ફટકાર્યા છે. ચોગ્ગાની વાત કરીએ તો, CSK એ ફક્ત 135 ચોગ્ગા ફટકાર્યા છે, જે ટુર્નામેન્ટમાં બીજો સૌથી ખરાબ આંકડો છે. મૂળે તો બેટિંગ ક્રમમાં સતત ફેરફાર કરવાને કારણે તેમણે ઘણું નુકસાન વેઠવું પડ્યું છે.

**સ્પિન બોલિંગ સામે CSK ખરાબ રીતે નિષ્ફળ ગયું**

IPL 2025માં, CSK એ સ્પિન બોલરો સામે સૌથી વધુ 31 વિકેટ ગુમાવી છે. સ્પિન બોલિંગ સામે તેનો સ્ટ્રાઈક રેટ પણ સૌથી ખરાબ રહ્યો છે. PBKS સામેની મેચ પહેલા શિવમ દુબેનો સ્ટ્રાઈક રેટ ઘટીને 115 થઈ ગયો હતો. ગયા સિઝનમાં સ્પિન સામે દુબે 155ના સ્ટ્રાઈક રેટથી સ્કોર કરી રહ્યો હતો. રવિન્દ્ર જાડેજા માત્ર 91ના સ્ટ્રાઈક રેટથી રન બનાવી શક્યો છે. ધોની પાસે અગાઉ જેવું પ્રદર્શનની આશા રાખવી મુર્ખામી છે. તે હવે માત્ર એકાદ બે છગ્ગા કે ચોગ્ગા ફટકારીને ચમકારો બતાવી શકે પણ પહેલા જેવી બેટિંગ તે કરી શકે તેમ નથી.

## કગિસો રબાડા પર આ કેવા પ્રકારનો પ્રતિબંધ જે થોડા દિવસોમાં જ હટી ગયો?

**કોકેન, હેરોઈન અને ગાંજા જેવા નશીલા પદાર્થોનો ઉપયોગ કરવા માટેની સજા ચાર વર્ષનો પ્રતિબંધ છે, જો કે રબાડાએ 'ડ્રગ એબ્યુઝ ટ્રીટમેન્ટ પ્રોગ્રામ' પૂર્ણ કરતાં એ પ્રતિબંધ થોડા દિવસોમાં જ પુરો થઇ ગયો અને તે રમવા માટે તૈયાર છે, જો કે ક્રિકેટ જગતમાંથી જ તેના સામે સવાલો ઉઠ્યા છે**

IPL ટીમ ગુજરાત ટાઇટન્સ માટે એક સારા સમાચાર સોમવારે આવ્યા હતા કે તેના ઝડપી બોલર કગીસો રબાડા પર લાદવામાં આવેલું સસ્પેન્શન હટાવી લેવામાં આવ્યું છે. દક્ષિણ આફ્રિકાના રબાડાને કોકેન, હેરોઈન, MDMA અને ગાંજા જેવા પદાર્થોના સેવન બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. જો કે સવાલ એ છે કે આ કઇ જાતનો પ્રતિબંધ છે કે જે થોડા દિવસોમાં જ ખતમ થઇ ગયો અને આ સવાલ ક્રિકેટ જગતમાંથી જ આવ્યો છે. મૂળે રબાડાએ જે નશીલા પદાર્થોનું સેવન કર્યું હતું તેના માટે ચાર વર્ષના પ્રતિબંધની જોગવાઇ છે પણ તેની સામે આ તો મહિના કરતાં પણ ઓછા સમયમાં તેનો પ્રતિબંધ હટાવી લેવાયો`,.

IPL ટીમ ગુજરાત ટાઇટન્સના ફાસ્ટ બોલર કાગીસો રબાડા પર લાદવામાં આવેલ કામચલાઉ સસ્પેન્શન અથવા પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો છે. દક્ષિણ આફ્રિકાનો રબાડા હવે ગુજરાત ટાઇટન્સ વિરુદ્ધ મુંબઈ ઇન્ડિયન્સ મેચમાં રમી શકે છે. રબાડાનું સસ્પેન્શન તેની જાહેરાતના ત્રણ દિવસમાં જ હટાવી લેવાના સમાચારે ઘણા પ્રશ્નો ઉભા કર્યા છે. ઓસ્ટ્રેલિયાના માજી કેપ્ટન ટિમ પેને રબાડા કેસમાં પારદર્શિતાની માંગ કરી છે. તેણે કહ્યું કે રબાડાએ કયું પ્રતિબંધિત પદાર્થ લીધું હતું અને તેનો ટેસ્ટ ક્યારે કરવામાં આવ્યો હતો તે જણાવવું જોઈએ. રબાડા જ્યારે IPL છોડીને સ્વદેશ રવાના થયો ત્યારે કહેવાયું હતું કે તે અંગત કારણોસર સ્વદેશ પરત ફર્યો છે, તો તે સમયે એવું કેમ જાહેર ન કરાયું કે તેણે ડ્રગ્સ લીધું હોવાથી તે સ્વદેશ રવાના થયો છે.

દક્ષિણ આફ્રિકા ડ્રગ ફ્રી સ્પોર્ટ્સ (SAIDS) એ સોમવારે કાગીસો રબાડા પર લાદવામાં આવેલા પ્રતિબંધ અંગે એક નિવેદન બહાર પાડ્યું હતું. તેમાં કહેવામાં આવ્યું હતું કે રબાડાએ ડ્રગ એબ્યુઝ ટ્રીટમેન્ટ પ્રોગ્રામ પૂર્ણ કરી લીધો છે. તો હવે તે IPL ટીમ ગુજરાત ટાઇટન્સ માટે રમી શકે છે. ૩૦ વર્ષીય રબાડા પણ સસ્પેન્શન પૂર્ણ કર્યા બાદ ગુજરાત ટીમમાં જોડાયો છે. ગુજરાત ટાઇટન્સનો આગામી મુકાબલો મંગળવારે મુંબઈ ઇન્ડિયન્સ સામે થશે. આમાં રબાડાને રમતો જોઈ શકાય છે. કગીસો રબાડા IPLમાં ફક્ત બે મેચ રમ્યા પછી જ ટીમ છોડીને ચાલ્યો ગયો હતો.



ક્રિક ટોક

આફ્રિકન ડ્રગ ફ્રી સ્પોર્ટ્સ અનુસાર, રબાડા જાન્યુઆરીમાં SA20 દરમિયાન ડોપ ટેસ્ટમાં પોઝિટિવ જોવા મળ્યો હતો. હવે સસ્પેન્શન હટાવ્યા બાદ, તે આગામી મહિને ઓસ્ટ્રેલિયા સામે આઈપીએલ તેમજ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઇનલ રમી શકશે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, રબાડાને પ્રતિબંધિત પદાર્થોનું સેવન કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. તેને આ અંગે પહેલી એપ્રિલ, ૨૦૨૫ના રોજ જાણ કરવામાં આવી હતી. તેના પર કામચલાઉ સસ્પેન્શન લાદવામાં આવ્યું હતું અને તે તરત જ ભારતથી દક્ષિણ આફ્રિકા પાછા ફર્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે, 'રબાડાને દક્ષિણ આફ્રિકાના ડોપિંગ વિરોધી નિયમો અનુસાર ડ્રગના દુરુપયોગ સારવાર કાર્યક્રમ પૂર્ણ કરવાની ઓફર કરવામાં આવી હતી.' રબાડાએ આ કાર્યક્રમના બે સત્રો સંતોષકારક રીતે પૂર્ણ કર્યા. આ પછી તેમના પર લાદવામાં આવેલ સસ્પેન્શન હટાવી લેવામાં આવ્યું. તેણે એક મહિનાનો સસ્પેન્શન ભોગવ્યો છે અને હવે તે રમતમાં પાછો ફરી શકે છે.

નિવેદન અનુસાર, રબાડાને જેના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો તે કોકેન, હેરોઈન, MDMA અને ગાંજાના સેવન માટે લાદવામાં આવતો મહત્તમ પ્રતિબંધ ચાર વર્ષનો છે, પરંતુ જો ખેલાડી સાબિત કરે છે કે તેણે કોઈપણ ટુર્નામેન્ટ દરમિયાન તેનું સેવન કર્યું નથી અથવા તેણે પ્રદર્શન સુધારવા માટે આવું કર્યું નથી, તો પ્રતિબંધ ઘટાડીને ત્રણ મહિના કરી શકાય છે. જો તે સારવાર કાર્યક્રમમાં ભાગ લેવા સંમત થાય, તો તેને એક મહિના સુધી ઘટાડી શકાય છે.

## IPL 2025 — 54 મેચ પુરી છતાં પ્લેઓફમાં હજુ પણ કોઇનું સ્થાન પાકું નથી

IPL 2025 માં અત્યાર સુધીમાં 54 મેચ રમાઈ છે અને અત્યાર સુધીમાં ત્રણ ટીમો ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK), રાજસ્થાન રોયલ્સ (RR) અને સનરાઇઝર્સ હૈદરાબાદ (SRH) બહાર થઈ ગઇ છે. આ સાથે જ એક વાત એ પણ ધ્યાન આપવા જેવી છે કે હજુ સુધી કોઈ પણ ટીમ સત્તાવાર રીતે પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ નથી અને ટોચના ચાર સ્થાનો માટે આઠ ટીમો વચ્ચે સીધો જંગ છે. જો આપણે IPLની છેલ્લી 17 સીઝનને ધ્યાને લઇએ તો તે દરમિયાન કોઇ પણ સિઝનમાં ક્યારેય એવું બન્યું નથી કે 16 પોઈન્ટ મેળવનારી ટીમ ક્વોલિફાય થવામાં નિષ્ફળ ગઈ હોય. જો આપણે 16 પોઇન્ટને પ્લેઓફ ક્વોલિફિકેશનનો માપદંડ ગણી લઇએ તો આ સ્થિતિમાં, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)નું ક્વોલિફિકેશન નિશ્ચિત માનવામાં આવે છે અને એ વાતને ધ્યાને લેતા એવું કહી શકાય કે બાકીના ત્રણ સ્થાનો માટે સાત ટીમો વચ્ચે જંગ છે.

સ્પેશિયલ કોમેન્ટ



**IPL 2025 માં 54 મેચ રમાઈ છે. લીગ સ્ટેજમાં હજુ 16 મેચ રમવાની બાકી છે અને સાત ટીમો હજુ પણ પ્લેઓફમાં સ્થાન મેળવવાની રેસમાં છે, વળી જે રીતે મેચ બાકી છે તેને ધ્યાને લેતા આ સાતમાંથી પાંચ ટીમો હજુ પણ 18 પોઈન્ટ મેળવવાની સ્થિતિમાં છે. એક સમયે 16 પોઈન્ટ મેળવનારી ટીમ પ્લેઓફનું સ્થાન પાકું કરવાની ખાતરી મેળવતી હતી ત્યાં હવે 18 પોઈન્ટ જો પાંચ ટીમો મેળવશે તો કોઈપણ બે ટીમના પ્લેઓફ પ્રવેશની ખાતરી રનરેટના આધારે થશે**

**રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)**
**રમાયેલી મેચ: 11, પોઈન્ટ: 16, નેટ રન રેટ: 0.482**
**બાકીની મેચ: LSG (અવે), SRH (હોમ), KKR (હોમ)**

RCB ટીમ CSK સામેની જીત સાથે 16 પોઇન્ટ મેળવીને પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગઈ છે. જો કે હાલમાં જે રીતે મેચો બાકી છે તેને ધ્યાને લેતા એવું કહી શકાય કે પાંચ ટીમો હજુ પણ 18 પોઈન્ટ સાથે પોતાનું અભિયાન સમાપ્ત કરી શકવાની સ્થિતિમાં છે. આનો અર્થ એ થયો કે RCBને ક્વોલિફાય થવા માટે વધુ બે જીતની જરૂર છે. જોકે, જો અન્ય પરિણામો તેમના પક્ષમાં જાય, તો તેઓ નેટ રન રેટ પર આધાર રાખ્યા વિના 16 પોઈન્ટ સાથે પણ ક્વોલિફાય થઈ શકે છે. RCB પણ ઘરઆંગણે સતત બે જીતથી ખુશ હશે. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં તેમને હજુ બે મેચ રમવાની છે તે ધ્યાનમાં લેતા, તેઓ આશા રાખશે કે ટોસ તેમના તરફેણમાં જશે. તેઓ બેંગલુરુમાં સતત પાંચ ટોસ હારી ગયા છે અને છેલ્લી બે ઘરઆંગણેની મેચોમાં ટોસની સાથે સારા નસીબની આશા રાખશે.

**પંજાબ કિંગ્સ (PBKS)**
**રમેલી મેચ: 11, પોઈન્ટ: 15, નેટ રન રેટ: 0.376**
**બાકીની મેચ: DC (હોમ), MI (હોમ), RR (અવે)**

લખનૌ સુપર જાયન્ટ્સ સામે મેળવેલી જીતની સાથે પંજાબ કિંગ્સની ટીમ ૧૫ પોઈન્ટ સાથે બીજા સ્થાને પહોંચી ગઈ છે. હવે તેમની પાસે હજુ ત્રણ મેચ રમવાની બાકી છે. આ ત્રણમાંથી બે જીત તેમને પ્લેઓફમાં લઈ જશે. પરંતુ જો પંજાબ તેની બાકીની ત્રણેય મેચ હારી જાય છે, તો આ સ્થિતિમાં તેમણે અન્ય મેચોના પરિણામો પર ખૂબ આધાર રાખવો પડી શકે છે. તેની ત્રણમાંથી બે મેચ દિલ્હી કેપિટલ્સ અને મુંબઇ ઇન્ડિયન્સ સામે ઘરઆંગણે રમવાની છે જ્યારે રાજસ્થાન રોયલ્સ સામે તેણે જયપુરમાં મેચ રમવાની છે. બીજુ કંઇ નહીં તો પ્લેઓફમાંથી બહાર થયેલું રાજસ્થાન તેમનું ગણિત ખોરવી શકે છે.

**ગુજરાત ટાઇટન્સ (GT)**
**રમેલી મેચ: 10, પોઈન્ટ: 14, નેટ રન રેટ: 0.867**
**બાકીની મેચ: MI (અવે), DC (અવે), LSG (હોમ), CSK (હોમ)**

ગુજરાત ટીમ પાસે હજુ ચાર મેચ બાકી છે અને ટીમના 14 પોઈન્ટ છે. તેમનો નેટ રન રેટ મુંબઈ ઇન્ડિયન્સ પછી બીજા ક્રમે શ્રેષ્ઠ છે. હાલમાં દરેક સમીકરણ GT ની તરફેણમાં છે. જો બધું બરાબર રહ્યું તો આ ટીમ ટોચના બેમાં પણ પોતાનું સ્થાન સુરક્ષિત કરી શકે છે. તેમની બાકીની ત્રણ મેચોમાંથી બે ઘરઆંગએ રમવાની છે, જે તેમના સમીકરણ અને દાવાને વધુ મજબૂત બનાવે છે. ઘરઆંગણે, તેમનો CSK અને લખનૌ જેવી ટીમો સામે 4-1નો જીત-હારનો રેકોર્ડ છે. જ્યારે મુંબઇ ઇન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સની સામે તેમણે તેમના મેદાન પર જઇને મેચ રમવાની છે.

**મુંબઈ ઈન્ડિયન્સ (MI)**
**રમેલી મેચ: 11, પોઈન્ટ: 14, નેટ રન રેટ: 1.124**
**બાકી મેચ: GT (હોમ), PBKS (અવે), DC (હોમ)**

સતત છ જીત સાથે, મુંબઈની ટીમે આ સિઝનમાં જબરદસ્ત વાપસી કરી છે. મુંબઈનું ટોચના ચારમાં સ્થાન મેળવવું લગભગ નક્કી છે. જો તે પોતાનું વર્તમાન ફોર્મ ચાલુ રાખશે, તો તે ટોચના બેમાં પણ સ્થાન મેળવી શકે છે. બધી ટીમોમાં મુંબઈનો નેટ રન રેટ પણ શ્રેષ્ઠ છે. જો મુંબઈના 14 પોઈન્ટ હોય તો પણ ટીમ ટોચના ચારમાં પહોંચી શકે છે, પરંતુ આ માટે તેણે અન્ય પરિણામો અને નેટ રન રેટ પર આધાર રાખવો પડશે. તેની પાસે 18 કે તેથી વધુ પોઈન્ટ મેળવવાની પણ તક છે. મુંબઈ ઈન્ડિયન્સ પાસે બે ઘરઆંગણે મેચ પણ છે, જે મહત્વપૂર્ણ બની શકે છે. આ સિઝનમાં તેઓએ અત્યાર સુધીમાં ઘરઆંગણે પાંચમાંથી ચાર જીત મેળવી છે, જે કોઈપણ ટીમની સરખામણીએ વધુ છે.

**દિલ્હી કેપિટલ્સ (DC)**
**રમેલી મેચ: 11, પોઈન્ટ: 13, નેટ રન રેટ: 0.362**
**બાકીની મેચ: PBKS (અવે), GT (હોમ), MI (અવે)**

દિલ્હીએ સિઝનની શાનદાર શરૂઆત કરી હતી જેમાં તેણે પહેલી છ મેચમાં પાંચ જીત મેળવી હતી, પરંતુ જ્યારે આ સંખ્યા 10 મેચ સુધી પહોંચી ત્યારે આ આંકડો છ જીત સુધી ઘટી ગયો હતો. એટલે કે ટીમ છેલ્લા ચારમાંથી ત્રણ મેચ હારી ગઈ છે. આ જ કારણ છે કે એક સમયે ટોચ પર રહેલી દિલ્હીની ટીમ પાંચમા સ્થાને સરકી ગઈ છે. પાંચ દિવસના વિરામ બાદ ટીમ સોમવારે તેમના હોમ ગ્રાઉન્ડ પર સનરાઇઝર્સ હૈદરાબાદ સામે મેદાને તો ઉતરી પણ વરસાદે તે મેચ ધોઇ નાંખતાં તેમણે એક પોઇન્ટથી સંતોષ માનવો પડ્યો. ડીસીએ આ સિઝનમાં વિરોધી ટીમના મેદાન પર ચારમાંથી ત્રણ મેચ જીતી છે, જ્યારે ઘરઆંગણે ટીમ છમાંથી ફક્ત ત્રણ મેચ જીતી શકી છે. અન્ય ટીમોની જેમ, દિલ્હી 18 પોઈન્ટ સાથે પણ પ્લેઓફમાં સ્થાન મેળવશે તે નિશ્ચિત નથી, પરંતુ 14 પોઈન્ટ સાથે પણ, તેઓ સમીકરણમાંથી સંપૂર્ણપણે બહાર નહીં થાય. જો અન્ય પરિણામો તેમના પક્ષમાં જાય તો આ ટીમ પ્લેઓફમાં પણ પહોંચી શકે છે. જોકે, ટીમનું ધ્યાન પહેલા 16 પોઈન્ટ સુધી પહોંચવા પર રહેશે.

**કોલકાતા નાઈટ રાઈડર્સે**
**રમેલી મેચ: 11, પોઈન્ટ: 11, નેટ રનરેટ: 0.249**
**બાકીની મેચ: CSK (હોમ), SRH (અવે), RCB (અવે)**

રવિવારે રાજસ્થાન સામેની જીતે KKRને ટોચના ચારમાં સ્થાન મેળવવાની રેસમાં રાખ્યું છે. ટીમ હાલમાં 11 મેચમાં 11 પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાને છે. જોકે તેઓ પોતાની છેલ્લી ત્રણેય મેચ જીતશે તો પણ તેઓ વધુમાં વધુ 17 પોઈન્ટ જ મેળવી શકે છે. હાલમાં પાંચ ટીમો માટે 18 કે તેથી વધુ પોઈન્ટ પર સમાપ્ત થવું શક્ય છે. આનો અર્થ એ થયો કે KKRનું પ્લેઓફમાં પહોંચવું નિશ્ચિત નથી. જો KKR પંજાબની જેમ બાકીની ત્રણેય મેચ જીતી જાય તો પણ 17 પોઈન્ટ કેકેઆરને પ્લેઓફની રેસમાં રાખશે, પરંતુ 13 પોઈન્ટ તેની સફરનો અંત લાવશે.

**લખનૌ સુપર જાયન્ટ્સ (LSG)**
**રમાયેલી મેચ: 11 પોઈન્ટ: 10, નેટ રન રેટ: -0.469**
**બાકીના મેચ: RCB (હોમ), GT (અવે), SRH (હોમ)**

સતત ત્રીજા પરાજય સાથે, લખનૌની ટીમ સાતમા સ્થાને સરકી ગઈ છે. ટોચના ચારમાં પહોંચવાની તેમની શક્યતાઓ ખૂબ જ ઓછી છે અને તે અન્ય પરિણામો પર આધારિત છે. જો તેઓ બાકીની ત્રણ મેચ જીતી જાય, જેમાંથી બે ટોચની ચાર ટીમો સામે છે, તો પણ લખનૌની ટીમ ફક્ત 16 પોઈન્ટ મેળવી શકશે. RCB પહેલાથી જ આટલા પોઈન્ટ મેળવી ચૂકી છે. લખનૌનો નેટ રન રેટ પણ પ્લેઓફ રેસમાં આઠ ટીમોમાં બીજા ક્રમનો સૌથી ખરાબ છે અને તે ફક્ત સનરાઇઝર્સ હૈદરાબાદ કરતા સારો છે.